**<u>ક્રિમીનલ ઈન્કવાયરી નં.૧૫/૨૦૨૪</u>**

## –:: આંક–૧ નીચે હુકમ ::–

(૧) આ કામના ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ આરોપીઓ કે જેઓ પ્રમુખશ્રી લાઈફ લાઈન ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના પ્રમુખ તથા ઉપ પ્રમુખ હોય તેઓની સામે કરેલ છે. જેમાં તેઓ ધ્વારા આ કામના આરોપીઓએ ફરીયાદીને નવી પાવડી તા. કામરેજ જી. સુરત ખાતે તેઓ ધ્વારા શૈક્ષણિક હેતુ માટે જમીનની માંગણી કરેલ છે જે ખૂબજ સસ્તા ભાવમાં પડે તેમ છે તેમા સરકારના મંત્રીઓ તથા મહેસુલ મંત્રી સાથે તેઓને સંબંધ હોય ને લોભામણી વાતો જણાવેલ જેથી, ફરીયાદીએ સુરત આવી જમીન લેવાની વાત કરેલ. બાદ તા. ૨૧/૧/૨૦૨૧ના રોજ સુરત મુકામે ગયેલ અને જ્યા આરોપીઓએ પાકો વિશ્વાસ આપેલ કે, આ જમીન તમને ન મળે તો લીધેલી તમામ રકમ પરત કરવામાં આવશે. જેથી, આરોપીઓએ ૨.૫ વીઘા જમીન આરોપીનં. ૧ તથા ૨ ના ટ્રસ્ટને મળે ત્યારબાદ આપવાનુ કહેતા ફરીયાદીએ રૂા. ૧,૨૦,૦૦,૦૦૦/–માં લેવાનુ નકકી કરેલ. તેમા આરોપીનં. ૧ તથા ૨ ની ઓફીસ પર તેમના લેટર પેડ ઉપર એગ્રીમેન્ટ કરેલ અને તે મુજબ બાના પેટે રૂા. ૪૦,૦૦,૦૦૦/ – રોકડા આરોપી નં. ૧ અને ૨ ને રુબરુ રોકડા હાથમાં આપેલ. બાદ કરાર મુજબ જંત્રીના કામે ફરીયાદી પાસેથી બ્લેન્ક ચેકો નંગ–૮ લીધેલ તેમજ સુરત સરકારી કચેરીમાં ફરીયાદીના નામે જમીન કરવા માટે ધકકા ન ખાવા પડે તે માટે બ્લેન્ક પેપર ઉપર સહીઓ કરાવેલ હતી. આમ, ફરીયાદીની આ હકીકત ધ્યાને લેતા તેઓને આરોપી સાથે થયેલ કરાર તેમજ રૂા. ૪૦,૦૦,૦૦૦/– ની લેવડ દેવડ સુરત મુકામે થયેલ છે. બાદ ફરીયાદીએ તા. ૧/૯/૨૨ના રોજ આં ગડીયા મારફતે ૧૪,૦૦,૦૦૦/– તથા ૭,૦૦,૦૦૦/– મોકલેલ. આમ, કુલ રૂા. ૬૧ ,૦૦,૦૦૦/– રુપીયા આરોપી નં. ૧ અને ૨ ને આપેલ.બાદ ફરીયાદીને શંકા જતા ફરીયાદવાળી જમીન તા. ૨૪/૮/૨૧ના રોજ દફતરે થઈ ગયેલ છે તેવુ જણાયેલ.જેથી, આરોપીઓને ડીલ કેન્સલ કરવા તથા નાણા પરત કરવા જણાવતા તેઓએ ધમકી આપેલ કે, કઈ પાછુ આપવાનુ નથી જે થાય તે કરી લો. તેમ ધમકી આપેલ હોય તેમજ આ બાબતે ફરીયાદીએ આરોપીઓ સામે ગુનાહીત ષડયંત્ર રચવા, ખોટા દસ્તાવેજો બનાવવા તથા તેના આધારે ફરીયાદીના રૂા. ૬૧,૦૦,૦૦૦/– છેતરપીંડી કરી મેળવી લીધેલ હોય ગઢડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ હતી. તેમ છતાં ગઢડા પો.સ્ટે. કોઈ કાર્યવાહી ન કરેલ હોય તેઓએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.ક્રિમીનલ એપ્લી.નં. ૨૯૭૪/૨૦૨૩ થી દાખલ કરેલ જેમા નામ. કોર્ટ ધ્વારા સી.આર.પી.સી. કલમ ૧૫૬(૩) હેઠળ કાર્યવાહી કરવાનુ જણાવતા ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ દાખલ થતા આજ ફરીયાદ બાબતે ગઢડા પો.સ્ટે. માં પણ ફરીયાદ આપવામાં

આવેલ હોય હાલની ફરીયાદની કાર્યવાહી સી.આર.પી.સી. કલમ ૨૧૦ મુજબ સ્થગિત રાખી ગઢડા પો.સ્ટે. તરફથી ફરીયાદીની ફરીયાદ અનુસંધાને કરેલ કાર્યવાહીનો રીપોર્ટ મંગાવવાનો હુકમ કરવામાં આવેલ. બાદ ગઢડા પી.આઈ.શ્રી  દ્વારા ફરીયાદીની ફરીયાદ અનુસંધાને તેઓએ કરેલ કાર્યવાહી નો લેખીત રીપોર્ટ આંક–૪ થી  રજુ કરેલ છે જે ધ્યાને લેતા પી.આઈ.શ્રી ગઢડા પો.સ્ટે. દ્વારા ફરીયાદી તથા આરોપી  વચ્ચે  બનેલ બનાવ સુરત ખાતે બનેલ હોય ફરીયાદીની ફરીયાદ બાબતે ગઢડા પોલીસે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાનો રીપોર્ટ કરેલ છે.

(૩) આ કામના ફરીયાદીના વકીલશ્રી દ્વારા રજુઆત કરેલ છે કે,આ કામના આરોપીઓ દ્વારા ફરીયાદી સાથે ખોટી રજુઆત કરી, ખોટા દસ્તાવેજો બનાવી રૂા. ૬૧,૦૦,૦૦૦/– છેતરપીંડીથી પડાવી લીધેલ છે તેમજ આ ગુના અંગે ગઢડા પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય હાલની ફરીયાદ ધ્યાને લઈ આરોપીઓ સામે સી.આર.પી.સી. કલમ ૧૫૬(૩) અથવા અદાલત ને યોગ્ય જણાય તે સખત કાર્યવાહી કરવા અરજ કરેલ છે.

(૪) આમ ઉપરોકત ફરીયાદીની ફરીયાદ તથા તેઓના વકીલશ્રીની મૌખીક દલીલ સાથે પોલીસનો રીપોર્ટ ધ્યાને લેતા આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ તેઓની સાથેનો બનાવ સુરત મુકામે બનેલ હોવાનું પ્રાથમીક રીતે જણાય છે તેમજ આ હકીકતને આધારે જ ગઢડા પોલીસ દવારા પણ કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી આ અંગે પ્રથમ કાયદાકીય જોગવાઈ જોવી જરૂરી બની જાય છે જે નીચે મુજબ છે

14.Local jurisdiction of Judicial Magistrates;

(1) Subject to the control of the High Court, the Chief Judicial Magistrate may, from time to time, define the local limits of the areas within which the Magistrates appointed under section 11 or under section 13 may exercise all or any of the powers with which they may respectively be invested under this Code.

(2) **Except as otherwise provided by such definition, the jurisdiction and powers of every such Magistrate shall extend throughout the district.**

આમ આ જોગવાઈ ધ્યાનમાં લેતા આ અદાલત જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ હોય તેની હકુમત જે તે જીલ્લા પુરતી સીમીત રહે છે હવે હાલના કેસમાં આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી સાથે તેઓને સુરત ખાતે જમીન ખરીદી અંગેનો કરાર થયેલ હતો તે પેટે રૂા.૪૦ લાખ આપેલ હતા તેમજ ફરીયાદી પાસેથી ૮ કોરા ચેકો પણ લીધેલ હતા તેમજ આ ચેકોનો દુરઉપયોગ ના થાય તે માટે લખાણ પણ કરી આપેલ હતું જે પણ સુરત મુકામે કરવામાં આવેલ છે તેમજ ફરીયાદી દવારા જણાવેલ ખોટો દસ્તાવેજ કે જે ફરીયાદીને મોકલવામાં આવેલ હતો તે પણ સુરત ખાતે જ બનાવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે આ સીવય પણ ફરીયાદ મુજબ તેઓની પાસેથી જે ચેકો લીધેલ હતા

તે પણ સુરત ખાતે લેવામાં આવેલ હતા આમ ફરીયાદીની ફરીયાદ મુજબ જ કહેવાતા ગુન્હા અંગેની તમામ હકીકતો સુરત ખાતે બનાવ પામેલ છે,તેમજ આ બાબત ફરીયાદીએ ગઢડા પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની તપાસ દરમ્યાન પણ ફરીયાદીના નિવેદન ઉપરથી જાણવા મળેલ હોય ગઢડા પોલીસ દવારા તેઓની ફરીયાદ લગત કોઈ ગુન્હો નોધેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદીની ફરીયાદ મુજબ જ ફરીયાદવાળો બનાવ ગઢડાની હકુમતમાં બનેલ હોવાનું જણાઈ આવતુ નથી તેવા સંજોગોમાં કલમ–૧૪ ધ્યાનમાં લેતા ગઢડા કોર્ટને આ ગુન્હા બાબતે કોઈ કાર્યવાહી કરવાની કોઈ હકુમત રહેતી ના હોય આ કામના ફરીયાદીની હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં ચાલવાપાત્ર થતી ના હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના ફરીયાદીની હાલની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ–૨૦૩ મુજબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૧૩/૦૩/૨૦૨૬.**
**મુકામ : ગઢડા**

**જયુડી.મેજી.ફસ્ટ કલાસ.**
**ગઢડા**